# ગુજરાતના વિદ્યાર્થીઓને ગુજરાતમાં જ પસંદગીના અભ્યાસક્રમો મળી રહેવા જોઇએ

સમાજની પ્રગતિ અનેસુરક્ષાનો આધાર જે તે સમજાના ચિંતકો પર રહેલો છે. સમાજ માટે જરૂરી માનવધનનું ઉત્પાદન અને માનવ સંસ્કારોનું સંરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ પણ આ ચિંતકોને જ આભારી છે. કોઇ પણ સમાજ જે તે સમયે તેના ચિંતકોએ ચિંધેલી દિશા મુજબ આગળ વધીને ડુંગર કૂદાવે છે કે ખીણમાં પડે છે. ચિંતકોની ફરજ આટલે જ અટકી જતી નથી, પણ સામાજિક વિકાસ માટે જરૂર પડે વહીવટકર્તાઓના કાન પણ આમળવા પડે છે. આજના ગુજરાતી સમાજમાં શૈક્ષણિક રીતે કેટલીક બાબતો તરફ આ ચિંતકોનું ધ્યાન ગયું લાગતું નથી, અથવા તો વહીવટકર્તાઓ તેમનું સાંભળવા કે માનવા તૈયાર નથી.

ગુજરાતની પ્રજા આમ તો વેપારી પ્રજા તરીકે વધુ જાણીતી છે. તેના માનસમાં રૂપિયાની કિંમત પૂરેપૂરી ઘરબાયેલી પડી છે. તેના દરેક વિચારમાં ફાયદા નુકશાનની વાત આવે છે. જેને આધારે નિર્ણય લેવા ગુજરાતી પ્રજા ટેવાયેલી છે. આમ છતાં છેલ્લાં કેટલાંક વર્ષોથી આ વિચારધારામાં પરિવર્તન આવ્યું છે. ગુજરાતી માનસ માત્ર વહેપારી-ઔદ્યોગિક માનસ જ ન રહેતાં શૈક્ષણિક, વૈદિક, ધાર્મિક વગેરે માનસ પણ ધરાવતું થયું છે. આજનો ગુજરાતી આર્થિક બાબતો ને જેટલું પ્રાધાન્ય આપે છે તેનાં કરતાં વધુ મૂલ્યોને પણ પ્રાધાન્ય આપવાનો પ્રયત્ન કરે છે. હા....કેટલાક અસામાજિક તત્ત્વો જેમ દરેક સમાજમાં હોય છે તેમ આપણા ગુજરાતી સમાજમાં પણ છે. ત્યારે સમાજના બુદ્ધિજીવી વર્ગની ફરજ એ બની રહે કે સારા, સ્વસ્છ અને વિકાસલત્રી સમાજનું નિર્માણ કેવી રીતે થાય તેની વિચારણા કરી, પોતાના મૂલ્યોને સમાજ સમક્ષ મૂકવા. જેને વહીવટકર્તાઓએ સ્વીકારી સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવી. પરંતુ આજે પણ કેટલાક વહીવટકર્તાઓ સમાજ કે નાગરિક કરતાં પોતાના અહમને વધુ પ્રધાન્ય આપે છે. તેમના સિદ્ધાંતો-મૂલ્યો વ્યક્તિ બદલાય એટલે બદલાઇ જાય છે. તેમના માટે લોકોની અપેક્ષા કરતાં પોતાની અપેક્ષા વધુ મહત્ત્વની બની રહી છે. આવી ઘટનાઓ ઘણી છે પણ માત્ર એક જ ઘટના પ્રત્યે ધ્યાન દોરીને સૌ વાચકોને ચિંતન કરવા આ લેખ મજબૂર કરશે.

આ વર્ષે ગુજરાતના વિદ્યાર્થીઓ વહીવટકર્તાઓના અહ્મને કારણે ઘણું ઘણું સહન કરી રહ્યાં છે, માત્ર વિચાર્થીઓ જ કેમ તેમના વાલી પણ ખરાં જ. સૌ જાણે જ છે કે, ગુજરાતમાંથી અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ અને પસંદગીનો અભ્યાસ કરવા માટે  અન્ય રાજ્યમાં પ્રવેશ મેળવે છે. આજથી થોડા વર્ષો પહેલાં એન્જિનિયરીંગ અને મેડિકલ જેવા ક્ષેત્રમાં જવા ગુજરાતના વિદ્યાર્થીઓને અન્ય રાજ્ય પર આધાર રાખવો પડતો હતો. જેમાં કેટલાક અંશે સુધારો થયો છે, પણ તે આધાર નાબૂદ થયો નથી. તેવું જ આ વર્ષે શિક્ષણના ક્ષેત્રમાં પણ બન્યું છે.

એન.સી.ટી.ઇ. અને ગુજરાત સરકારે રાજ્યમાં પી.ટી.સી.કોલેજ તેમજ બી.એડ્.કોલેજો ખોલવા માટેની મંજૂરી છૂટા હાથે આપી છે. તે નિર્ણય પાછળ પણ તર્ક રહેલો છે. પણ તેના અનુસંધાનમાં કરવા યોગ્ય કામ વહીવટકર્તાઓએ નહીં કરીને કે ઇરાદાપૂર્વક અટકાવીને ગુજરાતના હાલના વિદ્યાર્થીઓને અને આવતી પેઢીને નુકશાનમાં ઉતારી દીધી છે. શિક્ષક તૈયાર કરતી કોલેજોમાં યોગ્ય ગુણવત્તા સભર શિક્ષણ અપાય તે માટે ચોક્કસ લાયકાત ધરાવતા અધ્યાપકો હોવા જરૂરી છે. પણ પરિસ્થિતિ એવી થઇ છે કે કોલેજો છે, વિદ્યાર્થીઓને સરકાર પ્રવેશ પણ આપે છે, પણ

ત્યારબાદની તેની ફરજ કે કોલેજમાં ગુણવત્તા સભર શિક્ષણ અપાય છે કે કેમ તેની ચકાસણી કરીને યોગ્ય પગલાં લેવાની. જે થતું નથી. કેટલીક કોલેજોમાં પૂરતા લાયકાત ધરાવતા અધ્યાપકો જ નથી. ત્યારે સરકાર બે પ્રકારના નિર્ણય લઈ શકે, પ્રથમ તો જે કોલેજોમાં પૂરતી લાયકાત કે સગવડો નથી તે કોલેજને બંધ કરી દેવી અથવા તો તે કોલેજમાં પૂરતી લાયકાત ધરાવતા અધ્યાપકો અને સગવડો ઊભી થાય તેવા વાતાવરણનું નિર્માણ કરવું. પ્રથમ નિર્ણય નકારાત્મક છે, જ્યારે બીજો નિર્ણય હકારાત્મક છે. આ હકારાત્મક નિર્ણનો અમલ કરવો જોઇએ. સૌ ચિંતકો આ મત સાથે સહમત થશે. પણ વહીવટકર્તાઓને આ હકારાત્મક બાબત તરફ જવાનું પસંદ નથી. માટે આ વર્ષે શિક્ષણની કોલેજો માટે જરૂરી લાયકાત ઊભી કરવા માટેની એમ.એડ્. કોલેજો જેટલા પ્રમાણમાં ખુલવી જોઇએ તે ખોલી નથી કે ખુલવા દીધી નથી. ખરેખર તો સરકાર અને વહીવટકર્તાઓએ કોલેજ ખોલવાનું સાહસ કરતાં લોકોને પ્રોત્સાહન આપવું જોઇએ, જરૂરી માર્ગદર્શન આપવું જોઇએ. સરકાર જાણે છે કે ગુજરાત રાજ્યમાં કેવા પ્રકારના માનવધનની જરૂર છે, આમછતાં તેવું માનવધન મેળવવા માટે પૂરતા પ્રયત્ન કરે નહીં અને જે કરે તેને અટકાવે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે આવું શાને થાય છે. જે કોલેજોમાં લાયકાતના અભાવે બિનગુણત્તાયુક્ત શિક્ષણ અપાય છે તેને ચાલુ રાખવી અને આવા બિનલાયકાત ધરાવતા અધ્યોકોને ચાલુ રાખવા દર વર્ષે પરિપત્રો કરવા. તેના બદલે ખરેખર તો સરકારે જ જરૂરી કેટલીક કોલેજો ખોલવી જોઇએ અથવા તો જે ખોલવા ઇચ્છે છે તેને પ્રોત્સાહન આપવું જોઇએ.

સમાજમાં જરૂરી માનવધનને આધારે જ વિદ્યાર્થીઓ અને વાલી ચોક્કસ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે છે. પસંદગીના અભ્યાસક્રમમાં ગુજરાતમાં પ્રવેશ નહીં મળતાં અન્ય રાજ્યમાં જઇને પણ આજે હજારો વિદ્યાર્થીઓ ખૂબ જ પૈસા ખર્ચીને અભ્યાસ તો કરે જ છે. અહીં એક ખતરો પણ તેઓ જાણે જ છે કે શૈક્ષણિક રીતે અન્ય રાજ્ય કરતાં ગુજરાતમાં સારી સુવિધા મળે છે, પણ જરૂરી કોલેજોની સંખ્યાના અભાવે તેઓને અન્ય રાજ્યમાં જઇને પણ અભ્યાસ કરવો પડે છે. ભલે ને પછી તે કોલેજમાં ગુણવત્તા બિલકુલ ન હોય. આ બાપડા-બિચારા બનેલા આ વિદ્યાર્થીઓ કેટલાંક કુસંસ્કાર લઇને પણ આવે છે. કેટલાક રાજ્યમાં કોલેજો નામની જ ચાલતી હોય છે, જ્યાં પસંદગીનો અભ્યાસ કે ડિગ્રી મળતી હોવાથી ભણવા જતાં ગુજરાતના વિદ્યાર્થીને લાખો રૂપિયા ખર્ચ્યા પછી પણ જોઇતું મળતું નથી. ત્યારે ગુજરાત સરકારે અને યુનિવર્સિટીના વહીવટકર્તાઓએ સમાજની માંગ પ્રમાણે પૂરવઠો પૂરો પાડવા તથા વિદ્યાર્થીઓને પસંદગીના ક્ષેત્રમાં પ્રવેશવાની પૂરતી સગવડો મળી રહે તે માટે શક્ય તેટલા જરૂરી પ્રયત્નો ઝડપથી હાથ ધરવા જોઇએ. કેટલીકવાર તો એવું બને છે કે એન.સી.ટી.ઇ. કોલેજ ખોલવાની મંજૂરી આપે, પણ તેને ગુજરાતમાં અટકાવવામાં આવે. અન્ય રાજ્યમાં ચાલતી કોલેજો કરતાં અનેક ગણી વધુ ગુણવત્તા ઊભી કરવા માંગતી કોલેજોને પણ આપણાં જ ગુજરાતીઓ અટકાવે છે. જેની નકારાત્મક અસરો બાપડા-બિચારાં વિદ્યાર્થીઓ પર થાય છે., ભવિષ્યના સમાજ પર થાય છે. તો ગુજરાતનું, ગુજરાતના વિદ્યાર્થીઓનું હિત ઇચ્છતા સૌએ આ અંગે મૌન તોડીને પણ ગુજરાતના વિદ્યાર્થીઓને ગુજરાતમાં જ પસંદગીના અભ્યાસક્રમો મળી રહે તે માટે હાથમાં હાથ મિલાવીને કામ કરવું જોઇએ. આ માટે પ્રભુ સૌને સદ્‌બૂદ્ધિ અને પ્રેરણા આપે તે જ અપેક્ષા.